

પોરબંદરની સ્થાનિક કોર્ટે ૫૪ કરોડની ખનીજ ચોરી મામલે રાજયના કેબીનેટ મંત્રી બાબુ બોખીરીયા સામે આરોપો સાબિત માનીને જુદી જુદી કલમો હેઠળ ૩ વર્ષની જેલની સજા ફટકારી છે. આથી મંત્રી બાબુભાઈ મંત્રી પદેથી રાજીનામું આપે તેવી માંગણી સાથે આજે દહેગામ કોંગ્રેસ દ્વારા એસ.ટી.ચોક ખાતે ઉગ્ર વિરોધ સાથે સૂત્રોચ્ચાર કરી દહેગામ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને મુખ્યમંત્રી ત્વરિત કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે. (તસવીર : નિખિલ શાસ્ત્રી)

# મોદી દ્વારા ૪૩ હજાર યુવાનને રોજગારી નિમણુંક પત્ર અપાયા

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં યુવાનોને સૌથી વધુ રોજગારી માટે સક્ષમ બનાવતા કૌશલ્ય વિકાસ (સ્કીલ ડેવલપમેન્ટ) ક્ષેત્રનું સર્વાંગીણ ધોરણે આધુનિકરણ કરવાની નેમ વ્યક્ત કરી છે.

ગુજરાતમાં એક સપ્તાહના વિવેકાનંદ યુવા રોજગાર અભિયાનના ભાગરૂપે આજે ગાંધીનગરમાં અમદાવાદ વિભાગના છ જિલ્લાઓના યુવક-યુવતીઓને ખાનગી ક્ષેત્રમાં ૧૦૩૭૩ રોજગાર નિમણુંક પત્રો આપવાનો સમારંભ મહાત્મા મંદિરમાં યોજાયો હતો.

રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગે આ વર્ષ ખાનગી નોકરીદાતાઓ અને ઉદ્યોગો સાથે સંકલન કરીને રોજગાર ભરતી મેળા યોજ્યા હતા જેમાં આ વર્ષે વધુ ૪૩૦૦૪ યુવક યુવતીઓને રોજગારીના અવસર પ્રાપ્ત થયા હતા. વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહમાં આ અગાઉ રાજકોટ, સુરત અને વડોદરામાં મંત્રીઓના હસ્તે યુવાનોને નિમણુંક પત્રો એનાયત થયા હતા. દુનિયામાં જે રીતે અર્થતંત્રમાં કુશળ કારીગરોના સ્કીલ્ડ વર્કફોર્સની માંગ વધી રહી છે ત્યારે ગુજરાતના યુવાનોને બાવડાના બળે અને બૌધ્ધિક સંપદાથી કૌશલ્ય નિર્માણમાં સશક્ત બનાવવાનો ઉપક્રમ આ સરકારે ૨૦૦૫ના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના અવસરે હાથ ધરીને પાણી પહેલાં પાળ બાંધી લીધી છે. આજે સમગ્ર દેશમાં ગુજરાતનો બેરોજગારીનો દર સૌથી નીચો માત્ર એક ટકો જ છે. આઈટીઆઈ, એમ્પલોયર કોમ્પ્યુટર ટ્રેઈનીંગ અને સ્કોપ અંગ્રેજી ભાષા શિક્ષણના અભ્યાસક્રમો સાથે હુન્નર-કૌશલ્યના સેંકડો નવા તાલીમ અભ્યાસક્રમોનું સંયોજન ગુજરાત સરકારે કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે સમાજમાં યુવાનોનો મોટો વર્ગ આજે ય એવો છે જેના ગ્રેજ્યુએટ-ડિગ્રીના સપના પૂરાં થતા નથી અને તેમને પરિશ્રમ કરવા છતાં પગભર બનવાના કે સ્વમાનભેર જીવીને પરિવારને આધારૂપ બનવાના અરમાન પૂરા થતાં નથી તેઓ બાવડાના બળે આગળ વધવા ઈચ્છે છે અને આ સરકાર, રોજી રોટી માટે યુવાનો રઝળપાટ કરે એવું ઈચ્છતી નથી. આથી ઉદ્યોગ સાથે સંકલન કરી હુન્નર કૌશલ્યની તાલીમ માટે અને એપ્રેન્ટીસશીપનું ગુણાત્મક પરિવર્તન કરી તેનું પણ ઉદ્યોગોમાં સ્થાન સુનિશ્ચિત કર્યું છે.



(તસવીર : હરેશ જી. જોશી, પાલનપુર)

પાલનપુર યુથ ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જીના ૬૦મા બલિદાન દિન નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર શહેરના યુથ ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા અને રક્તદાન કરી બલિદાન દિનની ઉજવણી કરી હતી.

# પાલનપુરની લોક અદાલતમાં ૩૬ કેસોનું સમાધાન ૪૫ લાખનું વળતર ચૂકવવા આદેશ

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લા કાનુની સેવા સત્તામંડળ પાલનપુર તરફથી અખબારી યાદીમાં જણાવેલ છે કે ગત તારીખ ૨૩ જૂન-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ. જનરલ લોક અદાલતમાં બાર એસોસિએશનના એડવોકેટો તેમજ પક્ષકારોના સહકારથી લોક અદાલતને આવકાર મળ્યો હતો.

આ લોક અદાલતમાં એમ.એ.સી.થી ના ટોટલ ૩૦૦ કેસો રાખવામાં આવેલ જેમાંથી ૧૦૦ કેસોમાં અરજદારો હાજર રહેલ અને ૩૭ કેસોના સમાધાન કરવામાં આવેલ જેનું વળતર રૂ. ૪૫,૦૧,૯૭૮નું કુલ વળતર ચુકવવામાં આવેલ. આ લોક અદાલતમાં ઘણા કેસોમાં સમાધાન થયેલું હતું. લાબા સમયથી પતી પત્ની વચ્ચે ચાલતી દામ્પત્યજીવનની તકરારોના અનેક કેસોમાં સુખદ સમાધાન થયેલું હતું. આ લોક અદાલત ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ હેઠળ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ પાલનપુર દ્વારા યોજવામાં આવેલ હતુ. જેનું ઉદ્‌ઘાટન જિલ્લા કાનુની સેવા સત્તામંડળના અધ્યક્ષ એ.સી. જોષી દ્વારા કરવામાં આવેલ. આ લોક અદાલતમાં પાલનપુર કોર્ટના તમામ ન્યાયાધીશો તથા બાર એસો.ના પ્રમુખ એ.પી. ઉકાવાલા તેમજ સેક્રેટરી ડી.એમ. સોનગરા, બાર એસોસીએશનના તમામ વકીલો તથા કોર્ટના સ્ટાફ મેમ્બરો વગેરેએ હાજરી આપી હતી. લોક અદાલતને સફળ બનાવેલ. આ લોક અદાલતમાં એમ.એ.સી.પી.ના ૩૭ કેસો સિવિલના ૫૦ કેસો ક્રિમીનલના ૧૨૭ કેસો તેમજ પ્રિલિટીગેશન કેસોમાં યુ.જી.વી.સી.એલ.ના ૧૮૧ કેસો માસ ફાઈનાન્સના ૧૦ કેસો તેમજ દેના ગ્રામીણ બેન્ક દાતાના ૨૬ કેસો સાથે અત્રે જિલ્લાના તથા તાલુકાના કુલ ૪૩૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.



## દેરોલ જૈન મંદિરમાં ચમત્કાર

લક્ષ્મીપુરા ગામની ઉત્તરે ઈશાન ખૂણામાં કોસંબી નદિના તટે દેરોલ ગામ વાઘેલાની દેરોલ તરીકે પ્રખ્યાત છે. અહીં જૈન લોકોની વસ્તી સારા એવા પ્રમાણમાં છે અહી દિગંબરશ્રી ૧૦૦૮ મહાવીર પાર્શ્વનાથ તથા આદિનાથ મહારાજની મૂર્તિઓ વિશાળ દેવાલયમાં બિરાજમાન છે અને શ્રાવકોનાં ઘોડાપુર દર્શનાર્થે ઉમટે છે ત્યારે જેઠ સુદ પૂનમની રાત્રે તથા જેઠવદ-૧ની સવારે ભગવાને જ્યારે ભક્તોને ચમત્કાર દેખાડ્યો હોય તેમ મંદિર પરિસરમાં તથા ઓટલા ઉપર ચંદન-સુખડનો વરસાદ વરસ્યો હોય તેમ ચંદનનો અમીછાંટણાં થયેલ અને ભાવિક ભક્તો આ ચમત્કારને રૂબરૂ નિહાળવા તથા દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને ચમત્કારિક ઘટનાને મનોમન વંદન કરી કૃતાર્થ બન્યા હતા. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# ઉમરેઠમાં સ્માર્ટ ક્લાસ સીસ્ટમનો પ્રારંભ

## રૂ. ૮૨ લાખના ખર્ચે તૈયાર થયેલ સીસ્ટમનું ઉદ્‌ઘાટન કરતા ખાડીયાના ધારાસભ્ય ભૂષણ ભટ્ટ

ઉમરેઠ, તા. ૨૪

આણંદ જિલ્લાના ઉમરેઠની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં રૂ. ૮૨ લાખના ખર્ચે ૨૭ વર્ગોમાં હેડ્યુકોમ સ્માર્ટ ક્લાસ સીસ્ટમ લગાડવામાં આવી છે. ગુજરાતી શાળામાં આવી સીસ્ટમ લગાડવામાં આવી હોય તેવી આ પ્રથમ શાળા છે. જેનું ઉદ્‌ઘાટન ખાડીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભૂષણ ભટ્ટે કર્યું છે.

આ હાઈટેક સીસ્ટમના ઉદ્‌ઘાટન પ્રસંગે ખ્રિસ્તી ધર્મના ગુજરાતના વડા બીસપ થોમસ મેકવાન, કરૂણાનીકેતન, બાલાસિનોરના ફા. ટાઈટસ તેમજ અત્રેની શાળાના પ્રિન્સિપાલ ફા. એન્થોની ઉપસ્થિત રહ્યા હતા. આજના વિજ્ઞાનયુગમાં કોમ્પ્યૂટર દરેક ક્ષેત્રમાં પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. શિક્ષણ ક્ષેત્રમાં હવે સ્માર્ટ ક્લાસ આવતા દિવસોમાં જરૂરી પરીબળ બની રહેશે. ઉમરેઠ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ૨૭ વર્ગોના સ્માર્ટ ક્લાસમાં ફેરવવામાં આવ્યા છે. આ માટે ૮૨ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમમાં કુ. એન્થોનીએ હાઈટેકનોલોજીના ઉપયોગ કરી ક્લાસ લીધો હતો. આ વેળાએ બેન્ચ ઉપર ધારાસભ્ય ભૂષણ ભટ્ટ, બીસપ થોમસ મેકવાન, ઉમરેઠ નગરપાલિકાના ઉપપ્રમુખ અલ્તાફ મલેક સહિતના અનેક મહાનુભાવો વિદ્યાર્થી બની કોમ્પ્યૂટરની મદદથી અભ્યાસ માણ્યો હતો. જ્યારે ભૂષણ ભટ્ટે જણાવ્યું હતું કે દેશની નવી પેઢી જન્મની સાથે કોમ્પ્યૂટર ગેઝેટથી રૂબરૂ થઈ રહી છે ત્યારે આવનારા સમય સાથે કદમ મિલાવવા તેમજ મોટા શહેરોની શાળાઓ સાથે શૈક્ષણિક હરિફાઈ કરવા ઈલેક્ટ્રોનિક સાધનોની મદદ જરૂરી બની છે. સેંટ ઝેવિયર્સ શાળાએ તેની પહેલ કરી તે ગૌરવની વાત છે.

# પોલીસ ફાયરીંગ કેસ : મોરીને સસ્પેન્ડ કરવા માટેનો આદેશ

અમદાવાદ, તા. ૨૪

પોલીસ બેડામાં ચકચાર જગાવનાર સરદારનગર પોલીસ મથકના પીએસઆઈ વી.ડી. મોરી દ્વારા પોતાની સર્વિસ રિવોલ્વર સાફ કરતી વેળાએ અચાનક ગોલી છુટી જતાં સાથે બેઠેલા કોન્સટેબલ રમેશ મંગળ ગંભીરરૂપથી ઘાયલ થયા હતા. આ પ્રકરણમાં ડીઈપી-ઝોન-૪એ પીએસઆઈ વી.ડી. મોરીને સસ્પેન્ડ કરવાના આદેશ જારી કર્યા છે. સમગ્ર પ્રકરણમાં પોલીસ અને ઘટનાની માહિતી સંદર્ભે મતમત્તાંતર જોવા મળી રહ્યા છે. સુત્રોની માહિતી અનુસાર પીએસઆઈ વી.ડી. મોરીએ અંગત અદાવતમાં કોન્સટેબલને ગોળી મારી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મળતી વિગત અનુસાર, સરદારનગર પોલીસ મથક હેઠળ આવેલ કુબેરનગર ચોકીમાં ફરજ બજાવતા પીએસઆઈ વી.ડી. મોરી મોડી રાત્રે પોતાની સર્વિસ રિવોલ્વર સાફ કરી રહ્યા હતા ત્યારે અચાનક રિવોલ્વરમાંથી ગોળી છૂટતા નજીક બેઠકે કોન્સટેબલ રમેશ મંગળને ગોળી વાગી હતી ત્યારબાદ તાત્કાલીક ધોરણે તેમને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની પરિસ્થિતિ સુધારા જનક છે પોલીસે જાણવાજોગ ફરીયાદ નોંધી હતી. સુત્રોની જાણકારી અનુસાર પીએસઆઈ મોરીએ અંગત અદાવત રાખી કોન્સટેબલ ઉપર ગોળીબાર કર્યો હતો તેવી ચર્ચા પોલીસ બેડામાં ચર્ચાઈ રહી છે. આ ઘટનાના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ગંભીરતા દાખવી ડીસીપી ઝોન-૪ એ પીએસઆઈને સસ્પેન્ડ કરવાના આદેશ આપ્યા છે. પોલીસ બેડામાં આ ખૂબ જ ચકચારી ઘટના છે આઓ પહેલા પણ સરદારનગર કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં જેલના સળીયા પાછળ ધકેલાયેલા છે. આ મામલે આગામી સમયમાં વિવાદ સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

# પાલનપુરના મલાણા ઉત્તમપુરા ગામે પતિએ પત્નીની હત્યા કર્યા બાદ ખુદ આત્મહત્યા કરી લેતા ચકચાર

## પતિએ સાસરીયાના ત્રાસથી પત્નીને કુહાડી વડે મોત કરી પોતે ઝાડ પર લટકી ગયો હતો


પાલનપુર, તા. ૨૪

પાલનપુર તાલુકાના મલાણા ઉત્તમપુરા ગામે પત્નીની હત્યા કર્યા બાદ ખુદ પતિએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવની વિગત એવી છે કે યુવકે સાસરી પક્ષના ત્રાસથી આ પગલુ ભરતા એક સુખી સંસાર વેર વિખેર બની જવા પામ્યો છે. જેમાં ત્રણ નિર્દોષ સંતાનોએ પોતાના માથેથી માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. મલાણા ઉત્તમપુરા ગામે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવતા ૪૦ વર્ષીય ખેડૂત ભગવાન ભારથી ગણેશ ભારથી ગૌસ્વામીએ ગતરોજ સાંજે ઘરમાંથી ચાલતા ઘરકાંકાસથી કંટાળી પોતાના ખેતરમાં પોતાની પત્ની તારાબેન ગૌસ્વામીને કુહાડીના ઘા મારી મોતને ઘાટ ઉતારી હતી. જે બાદ રાત્રીના સમયે ભગવાન ભારથી ગોસ્વામીએ પણ ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલુ કર્યુ હતું. આમ એક જ પરિવારમાં હત્યા બાદ આત્મહત્યાનો બનાવ બનતા સમગ્ર ગામમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે ગોસ્વામી પરિવારમાં થયેલ હત્યા બાદ આત્મહત્યાના બનાવમાં મૃતક ભગવાન ભારથી ગોસ્વામીએ તેમના સાસરી પક્ષવાળા શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાનું બહાર આવ્યું છે.

પોતાની પત્નીની હત્યા બાદ આત્મહત્યા કરનાર ભગવાન ભારથીએ મરતા પહેલા એક સુસાઈટ નોટ લખી હતી. જે પોલીસના હાથે લાગી છે. જેમાં લખેલું છે મારી સાસરી પક્ષના સભ્યો મને ડરાવી ધમકાવી મારી ઉપર બળાત્કારની કબુલાત કરાવી હતી જેને લઈ આ અંતિમ પગલુ ભર્યુ છે.

## શબ્દાવલી - ૫૦૯૯



### આડી ચાવી

૧. ઉદાસ, બેચેન (૪)
૪. ઉપવાસ (૨)
૬. બીજીવાર, ... વાર (૨)
૭. એક કૅફી પદાર્થ (૩)
૮. કોઈને વશ કરવાની વિદ્યા (૫)
૧૦. સાધના, તપસ્યા (૨)
૧૨. કપાસના ફુલ, ઝીંડવા (૨)
૧૪. એક ધાન્ય (૩)
૧૬. ચુર, તલ્લીન (૩)
૧૮. છુટ્ટી (૨)
૧૯. ઓસાડ, ધુસો (૩)
૨૦. ધરણ (૩)
૨૧. રેતનું મેદાન (૨)
૨૨. પરાજય, હાર (૩)

### ઊભી ચાવી

૧. બેકાળજી (૪)
૨. તીખા, ગરમ મસાલામાં આવે (૨)
૩. કોતરણી (૫)
૪. ફાંસ (૩)
૫. હેતુ, ઉદ્દેશ
૯. કારીગર, કળાનો જાણકાર (૪)
૧૧. છુટ્ટા પૈસા (૫)
૧૩. તૈયારી, પ્રયાણ (૪)
૧૫. ઈજા પામેલું (૪)
૧૬. ... કરવા, જાણ કરવી (૩)
૧૭. શાકમાં... કરવો, પ્રવાહી (૨)

### શબ્દાવલી ૫૦૯૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) મહિલા (૩) મસલત (૬) લયાનત (૮) માખ (૧૦) તરફ (૧૨) લીપ (૧૫) વાદા (૧૬) સફારી (૧૭) મશીનરી (૨૦) ફાગી (૨૧) રંક (૨૩) ચુનરી (૨૫) ભલામણ (૨૬) સગડી

**ઊભી ચાવી :-** (૧) મહિલા (૨) લાલ (૩) મન (૪) સતત (૫) તરફદારી (૭) યારી (૯) ખલીફા (૧૧) રવાનગી (૧૬) સમારંભ (૧૮) શીફારીશ (૧૯) રચુણ (૨૨) કલા (૨૪) વડી

## ભિલોડા તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોની સામાન્ય સભા યોજાઈ

ભિલોડા, તા. ૨૪

ભિલોડા તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘની જનરલ સભા ચંદુભાઈ કે. અસારીના પ્રમુખ પદે મળી. જેમાં મણીલાલ સુથાર અને સુરેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષક પેન્શનરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ૭૫ વર્ષના વયસ્કોનું શાલ ઓઠાડી સન્માન કરાયું હતું. પ્રમુખ કમજીભાઈ બરંડા મહેમાનોનો પરિચય, મંડળની પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો. કાલીદાલ પટેલે કલ્યાણ યોજનાની સમજ આપી નવા વર્ષના હોદ્દેદારો અને કારોબારી રચના કરવામાં આવી હતી. આભાર વિધિ મંત્રી વાલજીભાઈએ કરી હતી.

# જામનગરમાં ફરી મિગ ૨૯ વિમાન તૂટી પડતા ચકચાર

## મિગ ૨૯ યુદ્ધ વિમાન બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ તૂટી પડ્યુ : સમગ્ર મામલામાં તપાસ કરવા આદેશ કરાયો

જામનગર, તા. ૨૪

ગુજરાતના જામનગર જિલ્લામાં આજે બપોરે એક યુદ્ધ વિમાન મિગ ૨૯ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ હતુ.

અલબત્ત બંને પાઈલોટો સહેજમાં બચી ગયા હતા.

હવાઈદળના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે મિગ ૨૯ વિમાન બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ લાલપરાડા ગામની નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ હતુ. પરંતુ વિમાન તૂટી પડતા પહેલા બંને પાઈલોટો પેરાશુટની મદદથી સહેજરીતે નીકળી ગયા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ આ દુર્ઘટના એ વખતે થઈ હતી જ્યારે આ યુદ્ધવિમાન તાલીમ ઉડાણ પર હતુ. હવાઈદળે બનાવ બાદ કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ આપી દીધો છે. હવાઈદળની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

દુર્ઘટનાને લઈને જામનગર અને ગાંધીનગરમાં હવાઈદળના ઉચ્ચ અધિકારીઓની બેઠક મળી હતી. આ દુર્ઘટના વિમાનમાં ખામીના કારણે થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૧૨માં જામનગર એરબસના વિસ્તારમાં હવામાં જ બે એમઆઈ ૧૭ હેલિકોપ્ટરો આકાશમાં ટકરાઈ ગયા હતા જેમાં પાંચ અધિકારીઓ સહિત નવ લોકોના મોત થઈ ગયા હતા.

## કંપની સમાચાર

### સ્કાજેન એકટીવ ટાઈમ પિસીઝની રજૂઆત

રૂટિનમાંથી બહાર નીકળો અને નોર્મલ, નેચરલ એલિમેન્ટમાં પ્રવેશ કરો. સ્કાજેન એકટીવ કલેકશનમાં પ્રવેશ કરીને અનોખો અનુભવ કરો. ઉત્તેજનાત્મક, અપસ્કેલ, અલગ પડે તેવા ટાઈમપીસીઝની ખોજ કરતા શોખીનો માટે એકટીવ ટાઈમપીસીઝની રજૂઆત કરવામાં આવી છે. એકટીવ નમ્ર છતાં નિર્ભય, યુથફૂલ છાપ પરિપકવ અને ઉર્જાસભર જીવનશૈલી વ્યકત કરે છે.

આ ટાઈમપીસીઝ રાઉન્ડ ટિટિનિયમ ડાયલ્સ ધરાવે છે. **SKW6007** તે હળવા વજનનું અને મજબૂત છે. તે સ્ટેનલેસ સ્ટીલ મેશ બેન્ડ પર ટિટેનિયમ કેસ ધરાવે છે. **SKW6006** તે શાઈની ફિનિશ અને બ્લેક વેરિયશન ધરાવે છે. મોનોક્રોમ **SKW6009** તે શાઈની ડાયલ ધરાવે છે. તે અનુક્રમે ચારકોલ અને બ્લેક છાંય ધરાવે છે.

રૂા. ૮૯૯૫ અને તેનાથી વધુ કિંમતમાં ઉપલબ્ધ સ્કાજેન એકટીવ ટાઈમપિસીઝ લાઈફસ્ટાઈલ, શોપર્સ સ્ટોપ, હેલિયોઝ, ઈથોઝ, જસ્ટ ઈન વોગ અને અન્ય અગ્રણી વોચ રિટેલર્સને ત્યાં ઉપલબ્ધ છે.

સ્કાજેન ડિઝાઈન્સતે આંતરાષ્ટ્રીય કંપની છે જે સમકાલીન ડેનિશ ડિઝાઈન એસેસરીઝ જેમ કે વોચીઝ, જવેલરી, સનગ્લાસીઝ અને કલોકસ વગેરે ઓફર કરે છે.

## છરા ઝીંકીને... ● છેલ્લા પાનાનું ચાલુ

બોલાવી...! પત્નિ વિલાશ જેવી અંધારામાં આવી કે તૈયાર બેઠેલો ભાવેશે છરાના ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું અને ત્યાં સાઈડમાં ભરાયેલી વરસાદી પાણીનાં ખાબોચીયામાં છરો ફેંકીને લોહીવાળા કપડા કાઢીને ફેંકી દીધા બાદ થેલામાંથી નવા કપડા કાઢીને પહેરી લઈ દીકરા જોડે પહોંચી ગયો હતો. દિકરાએ પુછ્યુ કે મમ્મી ક્યાં ગઈ ? તો પિતાએ કહ્યું કે તે તો ઝઘડો થયો એટલે જતી રહી તેમ સમજાવીને ઘરે ચાલ્યા ગયા હતા. દોઢ વાગે રાત્રે છરાથી ઘાયલ વિલાશ દોઢ કલાક સુધી ટ્રેક પાસે તરફડીયા મારતી હતી. ત્યારબાદ પ્રાણપંખેરૂ ઉડ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે ભાવેશે પહેલા પોતે આપઘાત કરી લેવાનું વિચાર્યુ હતુ પરંતુ ત્યારબાદ પરિવારનો વિચાર આવી જતા પત્નિને પતાવી દેવાનો પ્લાન કર્યો હતો. મરતા મરતા વિલાશે પતિને કહ્યું હતું કે બસ હવે મને ન મારો, દિકરાનું ધ્યાન રાખજો. અડાલજ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટે હત્યારા પતિની ધરપકડ કરી લઈ લોહીભીના કપડા કબ્જે લઈ સઘન પુછપરછ શરૂ કરી છે.

## ટીમનું ઇન્સ્પેકશન ... ● પહેલા પાનાનું ચાલુ

મહેકમ હોવું જોઈએ. કોલેજ સત્તાવાળાઓનું માનવું છે કે કાઉન્સીલ ૧૦ ટકા સુધીની ઘટને ગ્રાહ્ય રાખી મંજૂરી આપે છે સરકાર દ્વારા આ મુદ્દે બાંહેધરી પણ આપવામાં આવી છે. જો કે હજુ સુધી મંજૂરી આપવામાં આવી નથી એટલે કદાચ કોલેજ સત્તાવાળાઓએ આપેલા પ્રત્યુત્તર પછી ભરતીની કાર્યવાહી અંગેની ચકાસણી કરવા માટે મેડીકલ કાઉન્સીલ દ્વારા પુનઃ ઈન્સ્પેક્શન કરવામાં આવે તેવી શક્યતાઓ વધુ જણાઈ રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૦ બેઠકો છે. આ વખતે હજુ મેડીકલ કોલેજમાં પ્રવેશ પ્રક્રિયાનો પણ પ્રારંભ થયો નથી. મેડીકલ કાઉન્સીલ દ્વારા કડક વલણ અખત્યાર કરવામાં આવ્યુ છે અને તે જોતાં આગામી દિવસોમાં ગાંધીનગર મેડીકલ કોલેજના મુદ્દે કાઉન્સીલ વધુ આક્રમક બને તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ શરૂ કરાઈ તે પૂર્વેથી જ તે સતત વિવાદમાં રહેવા પામી છે. મેડીકલ કોલેજમાં આ વખતે વિવાદ વધુ ઉગ્ર બનશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ કોલેજ સત્તાવાળાઓએ બીજા વર્ષના અભ્યાસક્રમ માટે ગુજરાત યુનિ. સાથે જોડાણ મેળવવા કરેલ અરજીનો પણ યુનિ. સત્તાવાળાઓ દ્વારા હજુ નિકાલ કરવામાં આવ્યો નથી. આમ બન્ને મંજૂરી વિના હાલ કોલેજ સત્તાવાળાઓ ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા છે.